## પૂરક વાચન


# 1. અભિનંદન

ભાગ્યેશ જહા

**પ્રસ્તુત કાવ્યમાં ગુજરાતની ગરિમાની વાત કરવામાં આવી છે. તેનાં ખમીર અને ખુમારીની સાથે અદ્યતન ટેક્નોલૉજીના વિકાસથી સમગ્ર વિશ્વ પર ગુજરાત પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે, તેની રજૂઆત કવિએ રસપ્રદ રીતે આ કાવ્યમાં કરી છે.**

ગુજરાત તને અભિનંદન !
ગુજરાતીના ગૌરવથી આ ધરા બની નંદનવન !
વેદકાળથી વહે નિરંતર જ્ઞાનભક્તિની ધારા,
દસે દિશાઓ રક્ષે દેવો, નરનારી અહીં ન્યારાં;
તું સોમનાથનું બીલીપત્ર, તું હાટકેશનું ચંદન !
ધરતીકંપમાં ઊભો રહ્યો તું સાવ અડીખમ માણસ,
દુષ્કાળોની દારુણ ક્ષણમાં સતત ધબકતો માણસ;
સરળ સહજ થઈ સંતાડ્યું તેં આંસુભીનુ ક્રંદન !
અભિનંદન, ગુજરાત તને અભિનંદન !





કમ્પ્યૂટરમાં કૃષ્ણ નિહાળે
ગરબે અંબા રમતી
દેશવિદેશ વેબસાઇટમાં
વિસ્તરતી ગુજરાતી - ગુજરાતી વિસ્તરતી
સમૂહજીવનમાં સૌની સાથે વ્હેંચે કેવાં સ્પંદન !
અભિનંદન, ગુજરાત તને અભિનંદન !

### શબ્દસમજૂતી

**અભિનંદન** ધન્યવાદ **ગૌરવ** આદર, મોટાઈ, મહત્તા **નંદનવન** હરિયાળું **નિરંતર** સતત, કાયમ **ધરા** ધરતી, જમીન **રક્ષે** રક્ષણ કરે **ન્યારા** અનોખા **ધરતીકંપ** ભૂકંપ **અડીખમ** ડગ્યા સિવાય, એકધારું ઊભું રહેવું **દારુણ** ભયાનક **ક્ષણ** પળ **સતત** સદાય **ક્રંદન** રુદન **વેબસાઈટ** કોઈ ચોક્કસ વસ્તુ બતાવતી કમ્પ્યૂટર સ્ક્રિપ્ટ **વિસ્તરતી** વિસ્તાર પામતી **વ્હેંચે** વહેંચે

❖